PRO

# : જાહેરનામુ :

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ

## હુકમ નંબર/વિ.શા/ઓ.એસ.સેક્શન/૧૫૯/૨૦૧૭

અમદાવાદ શહેર જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક: જિશિઅ/પરીક્ષા/૨૦૧૭/૮૩૧૭ તા.૦૩/૦૩/૨૦૧૭ તથા જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અમદાવાદ ગ્રામ્યનાઓના ક્રમાંક: અગ્રાવિ/પરીક્ષા/૨૦૧૭/૩૨૯૦-૯૧ તા.૦૩/૦૩/૨૦૧૭ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૫/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ દરમ્યાન એસ.એસ.સી/એચ.એસ.સી.સા.પ્ર./વિ.પ્ર. માર્ચ ની જાહેર પરીક્ષા અમદાવાદ શહેરના જુદાજુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી અને શાંત વાતાવરણમાં ભયમુક્ત રીતે પરીક્ષા આપી શકે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં આવેલ ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો, ઝેરોક્ષ દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ફરમાવી તેમાં જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છુ.

<u>પ્રતિબંધિત વિસ્તાર</u>

(૧) પરીક્ષા કેન્દ્રોની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/ઝેરોક્ષ દુકાનો માટે પરીક્ષા કેન્દ્રોની ચોતરફ ૧૦૦ મીટરનો વિસ્તાર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા.

<u>પ્રતિબંધિત કૃત્યો</u>

(૧) પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો, ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન, પરીક્ષા સમયે ચાલુ રાખવા નહી.

(૨) પરીક્ષા કેન્દ્રોના આજુબાજુના વિસ્તારોમાં પરીક્ષા કેન્દ્રોમાં સંભળાય તેટલા મોટા અવાજે લાઉડ સ્પીકરો વગાડવા નહી.

(૩) પરીક્ષા સ્થળો પર સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે ઇલેક્ટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનીક ડાયરી કે અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા નહી.

(૪) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ ઉપરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇપણ બિનઅધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહી.

(૫) પરીક્ષા સ્થળે ચોરી કરવા/ચોરી કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ કરેલ નકલો લઇ જવી નહી.

(૬) પ્રતિબંધિત વિસ્તારમાં (૪) કે તેથી વધુ વ્યક્તિઓએ એકઠા થવુ નહી.

(૭) પ્રતિબંધિત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા નહી.

❖ <u>અપવાદ :</u> આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ હુકમ તા.૧૫/૦૩/૨૦૧૭ થી તા.૩૦/૦૩/૨૦૧૭ સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન કલાક ૯.૦૦ થી કલાક ૧૯.૩૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇપીકો કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગાઓએ નકલો ચોટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ : ૪ માર્ચ સને ૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

અમદાવાદ.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુ.રા. ગાંધીનગર.
(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૫) કલેક્ટરશ્રી, અમદાવાદ.
(૬) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા. ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમબ્રાંચ, વહીવટ, મુ.મથક, અમદાવાદ શહેર.
(૧૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ટ્રાફીક, અમદાવાદ શહેર.
(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૧૭) તમામ પો.ઇન્સ.શ્રી, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.) અમદાવાદ શહેર.
(૧૮) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૧૯) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.